# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૧/ક્વા-૦૧/૨૦૨૩-૨૪/ ૧૬૬૬ - 2 તારીખ : ૨૧-૦૫-૨૦૨૩

રજી. એડી. પત્ર

પ્રતિ,
બોદર નિર્મળાબેન કાનજીભાઈ, C/o, વિજયભાઈ બોદર
વી.વી. જવેલર્સ , સોની બજાર, બોઘાણી શેરી, જે.પી. ટાવર, ,
મું. પો. : રાજકોટ, તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૦૧
મોબાઈલ : ૯૦૩૩૯૯૬૬૦૦

વિષય : નવું વીજજોડાણ મેળવવા માટે .

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. નીલ.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૦૧/ક્વા-૦૧/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,
( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૩.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વાવડી રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com


પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૦૧/ક્વા-૧/૨૩-૨૪/ 1585 - 2 તા. ૨૫-૦૫-૨૦૨૩

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર -૦૧/ક્વા-૧/૨૩-૨૪, તા.૦૧-૦૪-૨૦૨૩

| | |
|---|---|
| અરજદાર | : શ્રી બોદર નિર્મળાબેન કાનજીભાઈ, મુ: રાજકોટ |
| રજૂઆત કરનાર | : અરજદાર વતી બોદર પારસ કાનજીભાઈ |

:: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – શહેર-૩ રાજકોટ |
| રજૂઆત કરનાર | : એમ.આર.માકડિયા, કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ વિભાગીય કચેરી – શહેર-૩ રાજકોટ |

:: કોરમ ::

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | - શ્રી એન.સી. મકવાણા |
| ૨) સભ્ય (ટેકનીકલ) | - શ્રી એન. જી. કારિયા |
| ૩) સભ્ય (સ્વતંત્ર) | - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | |
|---|---|
| સુનાવણી સ્થળ | : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ | : તા.૨૯.૦૪.૨૦૨૩ (શનીવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૯.૦૪.૨૦૨૩ (શનીવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

:: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી નિર્મળાબેન કાનજીભાઈ બોદર અને તેમની સાથે ચેતનભાઈ વાલજીભાઈ બોદર, હિરેનભાઈ દિનેશભાઈ બોદર તેમજ કિશોરભાઈ મધુભાઈ ટાઠાણી દ્વારા અરજીનં. ૫૭૫૬૩, ૫૭૫૬૦, ૫૭૫૬૪, ૫૭૫૧૭ વીજજોડાણ મેળવવા માટે વાવડી પેટાવિભાગીય કચેરી ખાતે અરજી કરેલ. પીજીવીસીએલના કર્મચારી દ્વારા સર્વે કરવા આવ્યા હતા પણ હજુ સુધી કોઇપણ નોટીસ મળેલ નથી કે ટેલીફોનીક જાણ કરેલ નથી.

૨.૧ પીજીવીસીએલના કર્મચારીની હાજરીમાં સબસ્ટેશનની જગ્યા બતાવેલ છે અને લેખીતમાં પણ આપેલ છે જે અરજી સાથે જોડેલ છે પરંતુ સદર પ્રકારની અરજી ફોરમમાં અરજદાર દ્વારા રજુ કરેલ નથી.

૨.૨ અરજદાર દ્વારા તા.૦૫.૦૮.૨૦૨૨ ના રોજ ઉપરોક્ત અરજીના એસ્ટીમેટના નાણા ભરેલ છે તેમ છતાં હજુ સુધી કનેક્શન મળેલ નથી તેમજ પીજીવીસીએલ ઓફિસમાંથી અરજદારના ડોકયુમેન્ટ મિસિંગ છે, સદર ડોકયુમેન્ટ અરજદારની જાણ બહાર અન્ય કોઈને આપ્યા તેવી રજૂઆત અરજદાર દ્વારા કરેલ છે.

તેઓનું કનેક્શન હજુ સુધી જોડેલ ન હોવાનું કોઈ કારણ સબંધક કચેરી પાસે નથી. જેથી તાત્કાલિક ધોરણે વીજજોડાણ આપવા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયીક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ લેખિત રજૂઆત તા.૧૯.૦૪.૨૦૨૩ મુજબ ફરિયાદી અરજદારશ્રી બોદર નિર્મળાબેન કાનજીભાઈ C/o, વિજયભાઈ બોદર અને અન્યો દ્વારા નવા વીજજોડાણ માટે કરેલ અરજી અન્વયે વીજજોડાણ મળેલ ન હોવાની ફરિયાદનો વિગતવાર અહેવાલ નીચે મુજબ રજુ કરેલ છે.

3.૧ વાવડી પેટાવિભાગીય કચેરીના સદર અરજીઓનો રેકર્ડ ચકાસતા સદર કચેરીના પત્ર નંબર વાવડી/એસ્ટા/ટેક/૩૩૨૬, તા.૧૧.૦૪.૨૦૨૩ થી સદર નવા કનેક્શનોની અરજી નંબર ૫૭૫૬૩, ૫૭૫૬૦, ૫૭૫૬૪, ૫૭૫૧૭ (એસઆરનંબર અનુક્રમે ૧૫૩૦૭૯૫૪, ૧૫૩૦૭૯૩૮, ૧૫૩૦૭૯૭૫, ૧૫૩૦૭૮૬૨) થી અનુક્રમે BODAR NIRMALABEN KANJIBHAI (પ્લોટ નંબર ૩૮), BODAR CHETANBHAI VALJIBHAI (પ્લોટ નંબર ૩૭), BODAR HIRENBHAI DINESHBHAI (પ્લોટ નંબર ૩૬), TADHANI KISHANBHAI MADHUBHAI (પ્લોટ નંબર ૩૫) ના નામથી સદર અરજી નોંધાયેલ છે.

3.૨ સદર અરજીના અનુસંધાને તા.૦૨.૦૯.૨૦૨૨ ના રોજ બોદર હિરેનભાઇ દિનેશભાઈને અને અન્ય સદર ૦૩ અરજીઓના સર્વે માટે સવારે ૧૦.૩૦ વાગ્યે ફોન કરતા તેઓ હાજર નથી બહાર ગામ હોવાનું જણાવેલ, જેથી સર્વે થયેલ નથી.

વધુમાં તા.૦૭.૦૯.૨૦૨૨ ના રોજ નાયબ ઇજનેરશ્રી વાવડી પેટાવિભાગીય કચેરીની હાજરીમાં ફોન નંબર ૯૦૩૩૯૯૬૬૦૦ માં ફોન કરતા તેઓ હાજર હતા અને સ્થળ ઉપર સર્વે કરતા કોમન પ્લોટમાં ટ્રાન્સફોર્મર ઉભું કરવા માટે સહમતી રજુ કરવા બાબતે વાવડી પેટાવિભાગીય કચેરી દ્વારા તેમને જણાવેલ અને સદર સહમતી દિવસ ૦૩(ત્રણ) માં વાવડી પેટાવિભાગીય કચેરીમાં રજુ કરવા જણાવેલ તેમજ જો સહમતી રજુ કરવામાં આવશે નહિ તો અરજી દફતરે કરવામાં આવશે તેવું જણાવેલ અને હાજર પ્રતિનિધિ દ્વારા સર્વે રજીસ્ટરમાં સહી કરી ફોન નંબર ૯૦૩૩૯૯૬૬૦૦ પણ લખી આપેલ. સદર સર્વે રજીસ્ટરની નકલ ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

3.3 ઉપરોક્ત સર્વે બાબતે રૂબરૂમાં વાવડી પેટાવિભાગીય કચેરી દ્વારા અરજદારને જાણ કરવામાં આવેલ છે, તેમજ વાવડી પેટાવિભાગીય કચેરી દ્વારા નોટીસ નંબર ૧૩૭૦૬ / ૨૧૩૭૦૭ / ૧૩૭૦૫ / ૧૩૭૦૪ તા.૦૭.૦૯.૨૦૨૨ થી સદર ફરિયાદી અરજદારોને "TC LAND SAPCE NOT DECIDED MUTUALLY "PLEASE PROVIDED ABOVE DOCUMENTS WITHIN 10 DAYS TO ABOVE OFFICE, OTHERWISE YOUR APPLICATION WILL BE TREATED AS CANCELLED" બાબતે નોટીસો આપવામાં આવેલ છે. આમ બે વખત એકવાર સર્વે વખતે રૂબરૂ અને બીજીવાર વાવડી પેટાવિભાગીય કચેરી કચેરી દ્વારા નોટીસો પણ આપવામાં આવેલ પરંતુ સમયમર્યાદામાં કોઈ પ્રત્યુતર અરજદાર દ્વારા આપવામાં આવેલ ન હોવાથી સદર અરજીઓ દફતરે કરવામાં આવેલ છે.

3.૪ નવા વિજ્જોડાણોની અરજીઓ દફતરે કરવા બાબતે વાવડી પેટાવિભાગીય કચેરી દ્વારા અરજદારને જાણ કરવામાં આવેલ છે, જેના નોટીસ નંબર ૧૪૧૯૪ / ૧૪૧૯૩ / ૧૪૧૯૫ / ૧૪૧૯૬ તા.30.0૯.૨૦૨૨ થી જાણ કરવામાં આવેલ છે.

3.૫ ઉપરોક્ત મુદ્દા નં ૩.૪ મુજબ ફરીથી નવી અરજીઓ કરવા બાબતે વાવડી પેટાવિભાગીય કચેરીમાં પત્રકારની ઓળખ આપી અરજદારના પ્રતિનિધિ એજન્ટના ફોન નંબર ૯૬૬૪૫૩૮૬૬૩ આવેલ ત્યારે બે

જુનિયરો તેમજ લાઈનમેન ચાવડાભાઈની હાજરીમાં જાણ કરવામાં આવેલ અને તેઓ દ્વારા ફરીથી તમામ અરજીઓ નવી કરવાની છે જેથી મને અરજીઓના ડોકયુમેન્ટ આપો જે ઝેરોક્ષ કરવા માટે લઈ ગયેલ અને તેઓ દ્વારા વાવડી પેટાવિભાગીય કચેરીના અધિકારી અને કર્મચારીને ગેરમાર્ગે દોરી ઝેરોક્ષ કરવાના બહાને લઈ ગયેલ છે. વધુમાં ઉપરોક્ત બાબતે એજન્ટ અંકુર વેકરીયા દ્વારા નાયબ ઈજનેરશ્રી વાવડી પેટાવિભાગીય કચેરી સાથે ફોનમાં પણ સદર બાબતે ચર્ચા કરેલ અને સદર બાબતની તમામ હકીકતોથી તેઓને ફોનમાં માહિતી આપવામાં આવેલ છે.

## ::હુકમ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારશ્રી નિર્મળાબેન કાનજીભાઈ બોદર અને તેમની સાથે ચેતનભાઈ વાલજીભાઈ બોદર, હિરેનભાઈ દિનેશભાઈ બોદર તેમજ કિશોરભાઈ મધુભાઈ ટાઠાણી દ્વારા અરજીનં. ૫૭૫૬૩, ૫૭૫૬૦, ૫૭૫૬૪, ૫૭૫૧૭ થી વીજજોડાણ મેળવવા માટે વાવડી પેટાવિભાગીય કચેરી ખાતે ઓનલાઈન અરજી કરેલ છે. તેમજ જરૂરી ચાર્જીસ તા.૦૫.૦૮.૨૦૨૨ ના રોજ ભરપાઈ કરી આપેલ છે, તેમ છતાં પીજીવીસીએલ પક્ષકાર દ્વારા વીજજોડાણ આપવા અંગેની કાર્યવાહી કરેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૨ ઉપરોક્ત અરજીના અનુસંધાને પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નીચે મુજબ અરજદાર સાથે પત્રવ્યવહાર કરેલ છે, પરંતુ અરજદારની રજૂઆત મુજબ કોઈ પત્ર મળેલ નથી. પરંતુ સદર કેસની સુનાવણી દરમ્યાન પીજીવીસીએલ પક્ષકાર દ્વારા દરેક નોટીસ અરજદારને આપેલ છે તેની રજી.RPAD અરજદારને મળેલ છે જેની ACKNOWLEDGEMENT રસીદ ફોરમ સમક્ષ રજુ કરેલ છે, તેમજ સદર બાબતની રૂબરૂ માં અરજદારને ખરાઈ કરાવેલ છે.

| પીજીવીસીએલ પત્ર નંબર/ તારીખ | અરજદારનું નામ / સરનામું જીત ઇન્ડ. એસ્ટેટ, કોઠારિયા | પત્રની ટુંકી વિગત | અરજદારનો રિસ્પોન્સ |
|---|---|---|---|
| ૧૩૫૧૦ તા.૦૨-૦૯-૨૨ | ટાઢાણી કિશનભાઈ મધુભાઈ - પ્લોટ નંબર ૩૫ | During Survey responsible person is not present at site | Not Received Letter |
| ૧૩૫૧૧ તા.૦૨-૦૯-૨૨ | બોદર હિરેનભાઈ દિનેશભાઈ - પ્લોટ નંબર ૩૬ | | |
| ૧૩૫૧૨ તા.૦૨-૦૯-૨૨ | બોદર નિર્મળાબેન કાનજીભાઈ- પ્લોટ નંબર ૩૮ | | |
| ૧૩૫૧૩ તા.૦૨-૦૯-૨૨ | બોદર ચેતનભાઈ વાલજીભાઈ- પ્લોટ નંબર ૩૭ | | |
| ૧૩૭૦૪ તા.૦૭-૦૯-૨૨ | ટાઢાણી કિશનભાઈ મધુભાઈ | TC Land space not decided mutually | Not Received Letter |
| ૧૩૭૦૫ તા.૦૭-૦૯-૨૨ | બોદર હિરેનભાઈ દિનેશભાઈ | | |
| ૧૩૭૦૬ તા.૦૭-૦૯-૨૨ | બોદર નિર્મળાબેન કાનજીભાઈ | | |
| ૧૩૭૦૭ તા.૦૭-૦૯-૨૨ | બોદર ચેતનભાઈ વાલજીભાઈ | | |
| ૧૪૧૯૩ તા.૩૦-૦૯-૨૨ | બોદર ચેતનભાઈ વાલજીભાઈ | Not Response of Notice issued earlier so submit Response in 10 Days | Not Received Letter |
| ૧૪૧૯૪ તા.૩૦-૦૯-૨૨ | બોદર નિર્મળાબેન કાનજીભાઈ | | |
| ૧૪૧૯૫ તા.૩૦-૦૯-૨૨ | બોદર હિરેનભાઈ દિનેશભાઈ | | |
| ૧૪૧૯૬ તા.૩૦-૦૯-૨૨ | ટાઢાણી કિશનભાઈ મધુભાઈ | | |

૪.૩ ઉપરોક્ત મુદ્દા નં ૪.૨ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારને સદર નવા વીજજોડાણ અન્વયે ટ્રાન્સફોર્મર સેન્ટર ઉભું કરવા માટે જગ્યા નક્કી કરીને જાણ કરવા જણાવેલ પરંતુ સદર અરજદાર દ્વારા

કોઈ પ્રત્યુતર મળેલ ન હોવાથી પીજીવીસીએલ દ્વારા સદર અરજીઓ દફતરે કરવામાં આવેલ છે. સદર બાબતે અરજદારની રજૂઆત મુજબ કોઇપણ પત્ર મળેલ નથી તેમજ ટ્રાન્સફોર્મર ઉભું કરવા બાબતેની જગ્યા સબંધક કચેરીના અધિકારીની હાજરીમાં બતાવેલ હતી, પરંતુ પીજીવીસીએલ દ્વારા કોઈ કાર્યવાહી કરાયેલ નથી.

૪.૪ નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ના ક્લોઝ નં ૪.૩૮ મુજબ "The licensee shall not be held responsible for delay, if any, in extending supply if the same is on account of problems relating to right of way, acquisition of land, or delay in consumer's obligation over which licensee has no reasonable control."

૪.૫ પીજીવીસીએલની રજૂઆત મુજબ ફરિયાદી અરજદારના પ્રતિનિધિ શ્રી અંકુરભાઈ વેકરીયાને તમામ માહિતીની જાણ કરવામાં આવેલ ત્યારબાદ સદર પ્રતિનિધિ દ્વારા ફરીથી અરજી કરવાની હોવાથી ડોક્યુમેન્ટની નકલ કરવા માટે પરત માંગેલ જે સબંધક અધિકારી / કર્મચારીને ગેરમાર્ગે દોરીને ડોક્યુમેન્ટ લઇ ગયેલ છે, જેની ટેલીફોનીક અરજદાર પ્રતિનિધિને માહિતગર કરેલ છે જે બાબતે થયેલ સુનાવણી ને ધ્યાનમાં લેતા ગ્રાહકલક્ષી અભિગમ રાખીને પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કાર્યવાહી કરેલ છે તેમ ફોરમનું તારણ છે.

૪.૬ સદર કેસમાં ઉપરોક્ત વિગતોનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે, પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જરૂરી ખૂટતી માહિતી બાબતે પત્રવ્યવહાર કરેલ છે, તેના આધાર-પુરાવા રજુ કરે હોય, અરજદાર દ્વારા જરૂરી ખૂટતી માહિતી સમયમર્યાદામાં રજુ કરેલ નથી, જેથી પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સદર ઉપરોક્ત અરજીઓ દફતરે કરેલ છે જે નિયમાધીન યોગ્ય જણાય છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

આ સંજોગોમાં અરજદાર દ્વારા નોંધાયેલ અરજી અન્વયે ભરપાઈ કરેલ રકમ અરજદારની અરજી મળ્યેથી નિયમાધીન રીફંડ આપવાની કાર્યવાહી દિવસ -૧૫ માં અરજદારની જાણકારી હેઠળ પૂર્ણ કરવા અને તેનો વિગતવાર રીપોર્ટ અત્રેના ફોરમને આપવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે

૪.૭ ઉપરોક્ત મુદ્દા નં ૪.૬ મુજબ હુકમ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (એન.જી.કારીયા) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: "જીલ્લા સેવા સદન- ૩, ત્રીજો માળ - બ્લોક નં -૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧, ફોન નં – ૦૨૮૧-૨૯૯૪૧૨૫"